**ક્રિમીનલ કેસ નં.૧૮૨/૨૦૧૮**

:: **આંક–૩ લગત હુકમ** ::

(૧) આ કામે આરોપી નં.૩ કીરણકુમાર બાલુભાઈ પટેલ નાઓએ હાલની અરજી આપી અરજ કરેલ છે કે, તેઓ તેમના કુંટુંબ સાથે સુરત મુકામે કાયમી વસવાટ કરે છે અને મત્સ્ય પાલનનો ધંધો કરે છે. તેઓ ભારતીય પાસપોર્ટ ધરાવે છે જેનો પાસપોર્ટ નં.M0937356 છે. જયારે તેઓએ પાસપોર્ટ કઢાવેલ ત્યારે તેમનું સરનામુ ૪૪, દત્તાત્રેયનગર સોસાયટીની નીયર જલારામ ટેમ્પલ પાલનપુર જકાતનાકા રાંદેર રોડ, સુરત બતાવેલ હતુ. પરંતુ ત્યાર બાદ સદર સ્થળ છોડી ૫૧, પુનીતનગર સોસાયટી, વિજય ડેરી પાસે પાનલપુર પાટીયા, રાંદેર રોડ સુરત બતાવેલ છે અને ત્યાં રહી ધંધો કરે છે. ત્યાર બાદ જુના સરનામા પર પાસપોર્ટ કઢાવેલો તે પાસપોર્ટમાં નવુ સરનામા મુજબ પાસપોર્ટ કઢાવતા તા.૨૭/૪/૧૮ ના રોજ પાસપોર્ટ ઓથોરીટીને અરજી આપેલ તેના વેરીફીકેશનમાં સરનામુ અલગ હોય અને કોર્ટમાં કેસ પેન્ડીગ હોય નવા સરનામા મુજબ નવો પાસપોર્ટ કઢાવવાનો હોય તે અંગે ઈન્કવાયરી કરતા પાસપોર્ટ ઓથોરીટીએ જણાવેલ કે, તમારે પાસપોર્ટ રીન્યુ કરવો હોય તો કોર્ટમાં કેસ પેન્ડીગ હોય તો કોર્ટમાંથી પાસપોર્ટ રીન્યુ કરવા માટે પરવાનગી મેળવી રજુ કરવાથી પાસપોર્ટ ઈસ્યુ થઈ શકે તેવુ જણાવતા ક્રિ.કે.નં.૧૮૨/૧ ૮ થી નામદાર કોર્ટમાં પેન્ડીગ હોય આ પાસપોર્ટ રીન્યુ કરાવવા હાલની અરજી કરેલ છે. તેઓની સામે આઈ.પી.સી. કલમ ૪૪૭, ૧૧૪ વગેરે મુજબના ગુના અંગેનું ચાર્જસીટ કરવામાં આવેલ છે અને નામદાર કોર્ટમાં દર તારીખે સમયસર હાજર રહેવાની ખાતરી આપેલ છે. તેઓને ૧૫ થી ૨૦ દિવસ માટે બેલ્જીયમ મુકામે ધંધા માટે જવાનું હોવાથી પાસપોર્ટ રીન્યુ કરવા પરવાનગી માટે આ અરજી કરી જણાવેલ છે કે, તેઓની અરજી ધ્યાને લઈ પાસપોર્ટ કઢાવવા માટે પરવાનગી આપવા અરજ છે. સબબ, પાસપોર્ટ ઓથોરીટી સમક્ષ પાસપોર્ટ

રીન્યુ કરાવવા માટે જરુરી કાર્યવાહી કરવા અને તેઓના નામનો પાસપોર્ટ કઢાવવા જરુરી યોગ્ય શરતોને આધિન તમામ પરવાનગી આપવા ન્યાયના હિતમાં હુકમ કરવા અરજ કરેલ છે.

(૨) ત્યાર બાદ આરોપી તર્ફે વિ.વ.શ્રી વી.આર.પટેલ ની વિસ્તારપુર્વકની મૌખિક દલીલો સાંભળવામાં આવેલ છે.જેમાં તેઓની એવી રજુઆત છે કે, આરોપી સામે ત્રણ ક્રિમીનલ કેસો નોધાયેલ છે. જેમાં આજ દિન સુધી સમન્સ બજેલ નથી. હાલની આ અરજી પાસપોર્ટ રીન્યુ કરવા માટે છે. આરોપી નાસી ભાગી જાય તેવા નથી. આરોપીને ધંધાર્થે અવાર નવાર વિદેશ જવાનું થતુ હોય છે. આરોપી સુરત મુકામે કાયમી ધોરણે રહે છે. નામદાર કોર્ટ ફરમાવે તે તમામ શરતોનું પાલન કરવાની ખાત્રી આપે છે જેથી અરજી મંજુર કરવા વિનંતી કરેલ છે.

(૩) ત્યાર બાદ ફરીયાદ પક્ષ તર્ફે વિ.એ.પી.પી.શ્રી જે.જી.વસાવાની વિસ્તારપુર્વકની મૌખિક દલીલો સાંભળવામાં આવેલ છે. જેમાં તેઓની એવી રજુઆત છે કે, અરજી મુજબ કોઈ દસ્તાવેજી પુરાવા આરોપીએ રજુ કરેલ નથી. માત્ર કામ લંબાવવા સારુ હાલની આ અરજી આપેલ છે. અરજી મંજુર કરવામાં આવે તો આરોપી વિદેશ જતા રહે અને પરત આવવાની કોઈ શકયતા જણાતી નથી. જેથી અરજી નામંજુર કરવા વિનંતી કરેલ છે.

(૪) ઉપર મુજબની ઉભય પક્ષની રજુઆત ધ્યાને લીધી તથા સમગ્ર રેકર્ડ વંચાણે લીધુ. આરોપી સામે દહેજ મરીન પો.સ્ટે. ગુના રજી.નં.II.૨૩/૧૪ થી ઈપીકો કલમ ૪૪૭, ૧૧૪ તથા પર્યાવરણ સુરક્ષા કાયદો ૧૯૮૬ ની કલમ ૧૫, ૧૯ મુજબનો ગુનો નોધાયેલ છે અને તે ગુના સબબનું ચાર્જસીટ નામદાર કોર્ટમાં રજુ થયેલ છે. આરોપી તર્ફે આંક–૫ ના દસ્તાવેજી પુરાવા લીસ્ટથી દસ્તાવેજી પુરાવા રજુ કરેલ છે. જે પૈકી નિ.૫/૨ થી રજુ પાસપોર્ટ ઓથોરીટીએ આપેલ નોટીસની ઝેરોક્ષ નકલ વંચાલે લેવામાં આવે તો હાલના

આરોપીએ તા.૨૭/૪/૧૮ ના રોજ પાસપોર્ટ ઈસ્યુ કરવા માટે પાસપોર્ટ ઓથોરીટીને અરજી આપેલાનું જણાય છે અને તે સંદર્ભે પોલીસ રીપોર્ટ મુજબ આરોપી સામે કેસ નોધાયેલાનું જણાતા પાસપોર્ટ ઓથોરીટી એ આરોપીને તેઓની સામે નોધાયેલ કેસની હકીકત છુપાવવા બદલ દિન–૩૦ માં ખુલાસો માંગેલાનું જણાય છે. આમ, આરોપીએ જે તે સમયે પાસપોર્ટ ઈસ્યુ કરવા સારુ અરજી કરતા તેઓની સામે નોધાયેલ કેસની હકીકત છુપાવેલાનું પ્ર થમ દષ્ટીએ જણાય છે અને તે સંજોગોમાં આરોપીનો શરુઆતથી જ બદ ઈરાદો રહેલ હોવાનું માનવાને કારણ રહે છે. આમ, હાલની અરજી જો મંજુર કરવામાં આવે તો આરોપી વિદેશ ભાગી જાય તેવી શકયતા નકારી શકાય તેમ નથી અને જો આરોપી વિદેશ જતા રહેતો કહેવાતા કેસનું પ્રોસીડીંગ અટકી જાય તેમ છે. સબબ તે તમામ સંજોગોમાં સદર અજરી મંજુર કરવા પાત્ર જણાતી ના હોય ન્યાયના વિશાળ હિતમાં નીચે મુજબનો હુકમ કરવામાં આવે છે.

**:: હુકમ ::**

આ કામના આરોપીની હાલની આ અરજી આથી નામંજુર યાને રદ કરવાનો હુકમ કરવામાં આવે છે.

આ ચુકાદો આજ તારીખઃ ૬ ઠ્ઠી, માહેઃ મે, સને ૨૦૧૯ ના રોજ ખુલ્લી અદાલતમાં વાંચી સંભળાવી જાહેર કર્યો.

**DATE: 06-05-2018**
**PLACE:VAGRA**

**(SAGARKUMAR SHANTILAL PRAJAPATI)**
**JUDICIAL MAGISTRATE FIRST CLASS,**
**VAGRA,**
**CODE NO.GJ01482**

STENOGRAPHER: I.A.PARMAR